ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૭૨ ટકા

# શહેરમાં છવાયું વાદળછાયું વાતાવરણ

## પાટનગરમાં ત્રિ-ઋતુના કારણે વિચિત્ર માહોલ સર્જાયો : રોગચાળાની દહેશત

ગાંધીનગર, તા.૧૯

શહેરમાં વાદળછાયા વાતાવરણને કારણે ત્રણ ચાર દિવસથી વિચિત્ર વાતાવરણ સર્જાયું છે. એક બાજુ ધીમી ધારે ઠંડીમાં વધારો થઈ રહ્યો છે ત્યારે કમોસમી માવઠું પડવાથી શહેરનો માહોલ અલગ દેખાઈ રહ્યો છે. પાટનગરમાં જાણે કુદરત રૂઠી હોય તેવું લાગી રહ્યું છે. કમોસમી વરસાદના કારણે ખેડૂતો માટે મુશ્કેલીઓ ઉભી થઈ છે. કમોસમી વરસાદ એક વરસાદી આફત જ ગણી શકાય છે.

વાદળછાયા વાતાવરણ ઉપરાંત કમોસમી વરસાદના કારણે ખેતીપાકમાં નુકસાની સાથે સાથે રોગચાળાની પણ દહેશત ફેલાઈ શકે છે. હવામાન વિભાગ દ્વારા પાંચ દિવસ સુધી વરસાદી માહોલની આગાહી કરવામાં આવી હતી. જેને પગલે કમોસમી વરસાદ અનો વાદળછાયું વાતાવરણ છવાયું છે. માવઠાનાં કારણે ખેડૂતોનાં જીવ પણ તાળવે ચોંટયા હતા. વિચિત્ર વાતાવરણના કારણે બેચેની, આળસ, કાંઈ કાર્ય ન કરવાના મુડ સર્જાઈ રહ્યા છે. આવા વાતાવરણથી મચ્છરોનો ઉપદ્રવ વધી શકે છે. જેથી રોગચાળો ફેલાવાની વધુમાં વધુ શકયતાઓ છે. નાગરિકોને સવારના સમયમાં વહેલી પરોઢે સૂર્યદેવતાના દર્શન કરવાનો લ્હાવો મળતો નથી.

વાતાવરણમાં પલટો થવાથી તાવ, ખાંસી, શરદી ઉપરાંત મચ્છરજન્ય રોગચાળો વધી રહ્યો છે. ઉપરાંત કોરોનાના કેસમાં ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે તેથી શહેરીજનોમાં પણ ભયનો માહોલ છવાયો છે. એક તરફ લગ્ન સિઝન ચાલુ થઈ છે.



જયારે બીજા બાજુ કોરોના વધી રહ્યો છે. સરકાર દ્વારા કોરોના ગાઈડલાઈનનું પાલન કરવામાં આવે તે મુજબની મંજુરી લગ્ન પ્રસંગોમાં આપવામાં આવી છે તેમ છતાં મોટા ભાગના નાગરિકો માસ્કનો ઉપયોગ કરતા નથી જે કોરોનાને એક પ્રકારનો બુલાવો કહી શકાય તેમ છે.

શહેરમાં આગામી બે દિવસ સુધી વાદળછાયું વાતાવરણ છવાયેલું રહેશે તેવી હવામાન વિભાગની આગાહી છે. પાટનગરમાં સવારના સમયમાં ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળી રહ્યું છે. જેમ કે સાપુતારાના હિલસ્ટેશનમાં રહેતા હોય તેવો નજારો જોવા મળી રહ્યો છે. શિયાળામાં વાદળછાયું વાતાવરણ થાય ત્યારે સૌ પ્રથમ સાપુતારા હિલસ્ટેશનની યાદ આવે છે જેમાં સવારે અને રાત્રી સમયે વોકિંગ માટે શહેરીજનો વધારે માત્રામાં જોવા મળી રહ્યા છે. સ્વસ્થ રહેવા માટે શિયાળો મહત્વનો ગણાય છે તેથી વહેલી સવારે મોર્નિંગ વોકર્સ વધી રહ્યા છે પરંતુ વાતાવરણના પલટાથી શહેરીજનોમાં રોગચાળો ફેલાવાની ભીતી સેવાઈ રહી છે. ભેજમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે તેથી મચ્છરોનો ઉપદ્રવ વધવાની સંભાવના છે.



જક્ષણી માતાજી અને અન્નકૂટ સાબરમતી નદીના સાંનિધ્યમાં આવેલા સાદરા ગામમાં આવેલ જક્ષણી માતાજી ને આજે અન્નકૂટનો પ્રસાદ ધરાવવામાં આવ્યો હતો. જેમાં વિવિધ વાનગીઓ, ફરસાણ, ફળો, ઠંડા પીણા વગેરે અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સાદરા આજુબાજુના ગામ ગાંધીનગર, માણસા, અમદાવાદ વગેરે સ્થળોથી દર્શન માટે લોકો આવ્યા હતા. દર્શનાર્થીઓએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## આજે ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટની વાર્ષિક સાધારણ સભા

ગાંધીનગર, તા.૧૯

ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટની ૧૭મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરેલ છે. જે ૨૧મીના રોજ રવિવારે બપોરે ૧૨.૦૦ કલાકે નગરપાલિકા ભવન, સેકટર-૧૧ જિલ્લા ન્યાયાલયની પાછળ મળશે. આ વાર્ષિક સાધારણ સભામાં ટ્રસ્ટના સભાસદો સમક્ષ વર્ષ ૨૦૨૦-૨૧ના વાર્ષિક હિસાબો તથા વહીવટી કામકાજની વિગતો બહાલી અર્થે રજુ કરવા ઉપરાંત સમાજ ભવનના બાંધકામને લગતી તાંત્રિક મંજૂરી, હિસાબ અને વહીવટી પ્રક્રિયા સંબંધી સૂચનો તથા ફંડ એકત્રિત કરવા, ફંડના સ્ત્રોત અને ફંડ મેળવવા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત યુવા મિત્રો માટે રોજગાર લક્ષી તાલીમ અને તેના વ્યવસ્થાપન સંબંધી વિમર્શ કરાશે તેથી આ સામાન્ય સભામાં સર્વે સભાસદ ભાઈ બહેનોને ઉપસ્થિત રહેવા ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ પ્રમુખ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## સ્મિત ફાઉન્ડેશન દ્વારા જરૂરિયાતમંદોને દિવાળી ગીફ્ટ અપાઈ

ગાંધીનગર, તા.૧૯

સ્મિત ફાઉન્ડેશન દ્વારા દિવાળીથી દેવદિવાળી સુધી જરૂરિયાતમંદોને ગીફ્ટ વિતરણ કરાયું હતું. કોરોના કાળમાં જે મૃત્યુ પામ્યા હોય અને પોતાના માતાપિતાની છત્ર છાયા ગુમાવનાર બાળકો, અંધ અને જરૂરિયાતમંદ લોકો, રસ્તે રઝળતા લોકોને અનાજ કીટ, કપડા, આપવામાં આવ્યા હતા. સ્મિત ટીમ દ્વારા ૩૮૦ અનાજની કીટ અને ૨૦૦ જોડી કપડાનું વિતરણ કરવામાં આપ્યું હતું.




અનાજ કીટમાં ૨ કિ.ગ્રા. લોટ, ૨ કિ.ગ્રા.બાસમતી ચોખા, ૧ કિ.ગ્રા. ઘઉં, ૨ કિ.ગ્રા.ખાંડ, ૫૦૦ ગ્રામ ચા, તેલ, ૫૦૦ ગ્રામ માગની દાળ, ૫૦૦ ગ્રામ મગ, ૧ કિ.ગ્રા. તુવેરની દાળ, ૨૫૦ ગ્રામ રાજમાં, ૧ કિ.ગ્રા. દેશી ચણા, ૫૦૦ ગ્રામ કાબુલી ચણા, ૫૦૦ ગ્રામ ગોળ વગેરેનું વિતરણ કર્યું હતું. જેમાં આનંદ પારેખ, ડૉ.હર્ષ જોશી, જીતેન્દ્ર શેખની, નીતિન રાજપૂત, લાભુભાઈ નાઈ, કિંજલ ગોખલે, હેતલ કાંસાકર, અંકિતા સુર્યવાલા, ગીરીશ પારેખ, વગેરેએ ઉપસ્થિત રહીને ઘરની જરૂરિયાતની સામગ્રી આપી હતી.

## આંતર જિલ્લા ક્રિકેટ ટૂર્નામેન્ટ માટે સિલેક્શન ટ્રાયલનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

દેશભરમાં ક્રિકેટની સીઝન ચાલી રહી છે અને ગાંધીનગરમાં પણ કિશોર અને યુવા વયના ખેલાડીઓ પણ પોતાની પ્રતિભા ઝળકાવવા થનગની રહ્યાં છે. ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસિએશનને તેની અખબારી યાદીમાં જણાવ્યું છે કે આગામી સમયમાં યોજાનારી આંતર જિલ્લા ક્રિકેટ ટૂર્નામેન્ટ માટે વિવિધ વયજૂથના ખેલાડીઓના સિલેક્શન ટ્રાયલનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટ્રાયલ તા. ૨૭મી નવેમ્બરથી તા. ૫મી ડિસેમ્બર દરમ્યાન યોજાશે.

ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસિએશન દ્વારા આયોજિત સિલેક્શન ટ્રાયલ શહેરના 'ક' રોડ પર હોટલ ઘુંઘટ પાસેના મધુવન ફાર્મ (લાયન્સ ગ્રાઉન્ડ) ખાતે યોજાશે જેમાં ખેલાડીઓએ ક્રિકેટના સફેદ ગણવેશમાં પોતાની કીટ સાથે નિયત તારીખે સવારે ૮ કલાકે પહોંચવાનું રહેશે. સિલેક્શન ટ્રાયલમાં તા. ૨૭મી નવેમ્બરે અન્ડર-૧૯ વયજૂથના ખેલાડીઓ માટે, તા. ૨૮મી નવેમ્બરે સિનિયર ટીમના ખેલાડીઓ માટે, તા. ૪થી ડિસેમ્બરે અન્ડર-૧૬ વયજૂથના ખેલાડીઓ માટે અને તા. ૫મી ડિસેમ્બરે અન્ડર-૧૪ વયજૂથના ખેલાડીઓ માટે યોજાશે. ભાગ લેવા આવનાર ખેલાડીઓએ કોવિડ-૧૯ના નિયમોનું પાલન કરવાનું રહેશે તેમજ અન્ડર-૧૬, અન્ડર-૧૯ અને અન્ડર-૧૪ વયજુથના ખેલાડીઓએ તેમના આધારકાર્ડ, સ્કૂલ અથવા કોલેજનું ફોટાવાળું બોનાફાઈડ સર્ટિફિકેટ ઓરિજનલ તેમજ ઝેરોક્ષ સાથે અને બર્થ સર્ટિફિકેટ પણ ઓરિજનલ તથા ઝેરોક્ષ સાથે લાવવાનું રહેશે. પુરાવા વગર કોઈપણ ખેલાડીને પ્રવેશ અપાશે નહી તેવું એસોસિએશનની અખબારી યાદીમાં જણાવાયું છે.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે નવી શિક્ષણનીતિ સંદર્ભે શિશુશિક્ષણ (ECCE) માટે રાષ્ટ્રીય વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

નવી શિક્ષણનીતિમાં શિશુશિક્ષણનું માળખું કેવું હોવું જોઈએ તે અંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે રાષ્ટ્રીય કક્ષાનું ત્રિદિવસીય વર્કશોપ તાજેતરમાં કુલપતિ હર્ષદભાઈ શાહની અધ્યક્ષતામાં યોજાઈ ગયું. તેમાં દેશના રાષ્ટ્રીયકક્ષાના શિક્ષણવિદોએ ૩ થી ૮ વર્ષનાં બાળકોનો અભ્યાસક્રમ કેવો હોવો જોઈએ અને પ્રવૃત્તિ દ્વારા એમનો સંસ્કારક્ષમ વિકાસ શી રીતે થઈ શકે તે અંગે ચિંતન કરી પ્રસ્તાવિત માળખું તૈયાર કર્યું. આ વર્કશોપમાં વિદ્યાભારતીના સહસંગઠન મંત્રી ગોવિંદજી મહંતો, વિદ્યાભારતીના રાષ્ટ્રીયમંત્રી ડૉ. મધુશ્રી સાવજી, બેંગલોરથી આવેલા ગજાનનજી (એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર, સમવિત રિસર્ચ ફાઉન્ડેશન), વિદ્યાભારતીના ગુજરાતના ભરતભાઈ ધોકાઈ, કામધેનુ યુનિવર્સિટીના એજ્યુકેશન એક્સટેન્શન ડાયરેક્ટર ડૉ. પ્રવીણભાઈ વાટલિયા, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સ્કૂલ ઑફ ચાઈલ્ડ, યૂથ એન્ડ ફેમિલી ડેવલપમેન્ટના નિયામક ડૉ.



રાકેશ પટેલ, વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલ તથા શિશુનિકેતનના પ્રધાનાચાર્યા દિવ્યાબેન રાવળ અને આશાબહેન રાઠોડ ઉપસ્થિત રહ્યાં હતાં.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. અશોકભાઈ પ્રજાપતિએ નવી શિક્ષણનીતિ સાથે ઈ.સી.સી.ઈ.ના કાર્યને ખૂબ જ મહત્ત્વનું ગણાવતાં, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ધ્યેયને ચરિતાર્થ કરતા આ કામને શુભ કામનાઓ પાઠવી હતી. યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ ત્રણ દિવસ પૂર્ણ સમય ઉપસ્થિત રહ્યા. તેમણે શિક્ષણવિદોનાં સૂચનો અને તેમની સાથેની પ્રદીર્ઘ ચર્ચાઓ બાદ બાળકના સર્વાંગી વિકાસને પંચકોશ, પ્રવૃત્તિ અને વિષય સાથે અનુબંધિત કરીને પરિવાર સાથે બાળકના સંવાદ, પરિવારની ભૂમિકા, પરિવારનું વાતાવરણ અને શિક્ષકની ભૂમિકાને ધ્યાનમાં રાખીને કામ કરવાનું સૂચન કર્યું.

## 'શબ્દ-સૂરની પાંચમ' કાર્યક્રમ દ્વારા શહેરના કલાકારોએ નવાં વર્ષે કાર્યક્રમની બોણી કરી

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત સાહિત્ય અકાદમી, વરેણ્યમ ફાઉન્ડેશન અને ગાંધીનગર સાહિત્યસભાના સંયુક્ત ઉપક્રમે લાભપાંચમના રોજ સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ, સેક્ટર ૧૭ ખાતે એક સુંદર કાર્યક્રમનું આયોજન ગાંધીનગરના સાહિત્ય રસીક નાગરીકો માટે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત આમંત્રિત મહેમાન સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી ડૉ. જયેન્દ્રસિંહ જાદવ, ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ શ્રી સંજય થોરાત, નગરરત્ન બિરેન પુરોહિત અને વરેણ્યમ ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી જીગર રાણાને હસ્તે કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌને કલાની સુવાસ ચારેય દિશામાં ફેલાય એવા ભાવથી બુકેની જગ્યાએ અગરબત્તીના પેકેટ આપવામાં આવ્યાં હતાં.

'શબ્દ-સૂરની પાંચમ' શીર્ષક હેઠળ પ્રસિદ્ધ સ્વરકાર




ગાયક શ્રી બીરેન પુરોહિતે ગાંધીનગરના કવિઓ સ્વ. શ્રી ફિલિપ કલાર્ક, સ્વ. ઉજમશી પરમાર, શ્રી હર્ષદ ત્રિવેદી, શ્રી હરિકૃષ્ણ પાઠક, શ્રી દલપત પઢીયાર અને શ્રી પ્રતાપસિંહ ડાભી 'હાકલ'ની વિવિધ રચનાઓના સ્વરાંકનની વાત કરી અને તેને સંગીત સાથે પ્રસ્તુત કરી હતી. આ પ્રસંગે ગાંધીનગરનાં જ જાણીતા કવિઓ શ્રી પ્રતાપસિંહ ડાભી 'હાકલ', શ્રી કલ્પેશ પટેલ અને શ્રી રમણભાઈ વાઘેલાએ કાવ્યપઠન કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડો. જયેન્દ્રસિંહ જાદવે ખાસ ઉપસ્થિત રહી પ્રેરક ઉદબોધન કરી અને કાર્યક્રમને બિરદાવ્યો હતો.

કાવ્યથી સ્વરાંકન અને ત્યાર બાદ ગાયનની પ્રસ્તુતિ એ એક આખી પ્રક્રિયા છે જે કવિના શબ્દો અને પ્રસ્તુતિ વેળાના સંગીત વચ્ચે થાય છે. આ પ્રક્રિયામાં સ્વરકારે શબ્દે-શબ્દને આત્મસાત કરવો પડે અને ત્યારે જ સારું સ્વરાંકન થઈ શકે. બીરેન પુરોહિત દ્વારા એકદમ સરળ શૈલીમાં આ અંગે વિગતે વાત કરવામાં આવી હતી. સાથે જ જેમ બીજા કાર્યો લાભપાંચમના શુભ દિવસે શરૂ થતાં હોય તેમ શબ્દ અને સૂરની સાધના આ વણજોયા શુભ મહુરતે થાય, કલાકારોનું એક સ્નેહમિલન યોજાય તેવી ભાવના સાથે યોજાયેલ આ કાર્યક્રમને તમામ શ્રોતાઓએ બિરદાવ્યો હતો અને કલાકારોએ એમનાં કલાના કાર્યક્રમની બોણી કરી હતી.



સેકટર-૫ યોગ પરિવાર દ્વારા યોગ સભ્ય અને વસાહત મંડળના ઉપપ્રમુખ મુળસિંહ ચાવડાના જન્મદિન નિમિત્તે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ વસાહત મંડળ સાથે સંકળાયેલા સિનિયર સિટિઝન વાસુદેવભાઈ સુથાર અને ગોવિંદભાઈ પટેલનું પણ આ કાર્યક્રમમાં વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. જાની ઉપેન્દ્રકુમાર વાસુદેવ, ઉ.વ. ૫૪, સેકટર-૨૬
- સ્વ. બિહોલા જગુજી કેશાજી, ઉ.વ. ૭૦, પાલજ જૂના

● રૂદ્રભૂમિ ●

- સ્વ. દરજી કનૈયાલાલ કાળીદાસ, ઉ.વ. ૭૯, સેકટર-૪
- સ્વ. પટેલ હિતેશ પ્રવિણચંદ્ર, ઉ.વ. ૪૩, સેકટર-૧૩

## ગાંધીનગરની પૂર્વ વિદ્યાર્થીની અવકાશ યાત્રી બનવાની દિશામાં

### શહેરના કડી કેમ્પસની પૂર્વ વિદ્યાર્થીનીએ અમેરિકામાં એક સંસ્થા શરૂ કરી છે જે જરૂરિયાતમંદ વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને નાસા-ઈએસએ સુધી પહોંચવામાં મદદરૂપ થશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરની યુવા દિકરીઓ તેમની પ્રતિભા થકી આંતરરાષ્ટ્રીય સ્તરે નામના કમાવા સાથે સમગ્ર દેશનું સન્માન વધારી રહી છે. ગાંધીનગરની પૂર્વ વિદ્યાર્થીની તથા યુવા વિજ્ઞાની પ્રિયા પટેલે અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓ માટે નાસા અને ઈએસએ જેવી મોટી એજન્સીઓ સાથે કામ કરવા ઉપરાંત હવે તે મંગળ ગ્રહ તેમજ ચંદ્ર પર પહોંચવાની તૈયારીઓ કરી રહી છે. આ સાથે તેણે જરૂરિયાતમંદ વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને નાસા કે ઈએસએ સુધી પહોંચવામાં મદદરૂપ થવા માટે પોતાના દાદીના નામથી શારદા ફાઉન્ડેશન નામની સંસ્થાની સ્થાપના પણ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ અંતરિક્ષમાં પહોંચનાર સુનિતા વિલિયમ્સનો પરિવાર પણ ગાંધીનગર સાથે સંકળાયેલો હતો.





પ્રિયા વ્યવસાયે સ્પેસ એન્જિનીયર છે અને એરોબેટિક પાયલોટ બનવાની તાલિમ લઈ રહી છે તે હાલમાં મંગળ પર પાણી શોધી રહેલી ટીમનો મહત્વનો હિસ્સો છે. નાસાના પ્રિઝર્વન્સ રોવરથી એટમોસ્ફેરિક ડેટા એકત્ર કરવાનું કાર્ય કરી રહી છે.

પ્રિયા ઈએસએમાં સીસ્ટમ્સ એન્જિનીયરનું કામ પણ કરી રહી છે અને સાથે તે ઈએસએના એકસોમાર્સ રોવર પ્રોજેકટમાં પણ પોતાનું યોગદાન આપી રહી છે. ગુજરાતના કડી શહેરની પ્રિયાએ પોતાની સ્કુલનો અભ્યાસ ગાંધીનગરમાંથી કર્યો હતો.

લંડનની યુનિવર્સિટી કોલેજથી પીએચડી કરી રહેલી પ્રિયાએ જણાવ્યું કે 'ભારતમાં પ્રતિભાની કંઈ કમી નથી, માત્ર સાધનોની કમી છે.'

'પોતાની માતૃભૂમિ ભારતથી બહારવસીને મારા માતા પિતાએ જે બલિદાન આપ્યું છે તેમના લીધે મને આ તક મળી છે. હું કિસ્મતવાળી છું કે મને સ્પેસનો આવો અનુભવ થયો અને હવે હું ઈચ્છું છું કે જે સ્પેસને લઈને ખૂબ પેસોનેટ છે તેમને પણ આ અનુભવ મળવો જોઈએ.'

## જન્મદિને વધામણી



નર્મદાબેન નારણભાઈ પટેલ (વેસ્ટર્ન એગ્રી સીડ્સ)



આઈ બી વાઘેલા
એડવોકેટ
મો. ૯૮૨૫૦ ૩૭૭૮૫



મહેશ એમ ભટ્ટ
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪




ઝલક સતિશકુમાર પ્રજાપતિ




જીલ પટેલ
મો.૯૪૨૮૪ ૯૯૦૪૫



ધૃવિ વિજયભાઈ સુખડિયા
મો.૯૧૭૩૪ ૪૫૯૪૪



ત્રિઅક્ષ કવનકુમાર દવે



હર્ષવર્ધન પ્રમિતકુમાર ચૌહાણ
મો. ૯૦૯૯૯ ૦૩૩૯૦



પરિધા ગુલઝાર નાયક



પરિધી ગુલઝાર નાયક